# હિસાબ નિયામકશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)

પરિપત્ર

આથી તમામ યુનિટ સબયુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓને જણાવવાનુંકે, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ પૂર્ણ થવામાં હોઇ, આપશ્રીની કચેરી ખાતે ચાલતી પ્લાન / નોન પ્લાન / આઇ.સી.એ.આર. / આર.કે.વી.વાય. / અધર એજન્સીના પ્રોજેકટ / અન્ય સ્કીમો હેઠળ પગાર ભથ્થાં, રીકરીંગ અને નોન-રીકરીંગના બીલો ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં સમયસર ચુકવણા માટે રજુ કરવા અને નીચે મુજબની અન્ય નાણાંકીય બાબતોનું ખાસ ધ્યાન રાખવા અને અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) કોઇ પણ પ્રકારના બીલો માઇનસ ગ્રાન્ટમાં ચુકવણા અર્થે રજુ ન કરવા બાબત......

તમામ યુનિટ અધિકારી તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીઓને જણાવવાનું કે પગારબીલ/સપ્લીમેન્ટ્રી બીલ/ ડી.સી. બીલ/મસ્ટર બીલ/બાંધકામના બીલોની ચૂકવણી માટે જરૂરી ગ્રાન્ટ ફાળવી દેવામાં આવેલ છે. આથી ઉપરોકત યોજનાના બીલો વહેલી તકે તા.30/3/૨૦૨૫ને બપોરના 3-00 વાગ્યા સુધીમાં આ કચેરીને પહોંચતા કરવાના રહેશે. કોઇ પણ પ્રકારના બીલો (-) માઇનસ ગ્રાન્ટમાં અત્રે રજુ કરવા નહી. તેમજ અગાઉ જે-તે બજેટ સદરે માઇનસ (-) ગ્રાન્ટ હોઇ, અને યુનિટ અધિકારી અથવા ઉપાડ અને ચુકવણા અધિકારીના ગ્રાન્ટ મેળવી લેવાના પ્રમાણપત્રના આધારે જો કોઇ બીલ પાસ કરેલ હોય તો તે મુજબની ગ્રાન્ટ મેળવી લેવાની જવાબદારી જે તે કચેરીના યુનિટ અધિકારી તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીની રહેશે.

(૨) રોજમદારોના મસ્ટર બીલો બાબત......

આપની કચેરીના જે-તે બજેટ સદરે ગ્રાન્ટ ઉપલબ્ધ હોય તો ફાર્મ/કચેરી ખાતેના દૈનિક રોજમદાર / શ્રમયોગીઓના માહે માર્ચ-૨૦૨૫ના મસ્ટર બીલો તૈયાર કરી તા.૩૧/3/૨૦૨૫ના બપોરના 3-00 વાગ્યા સુધીમાં આ કચેરીને મળી જાય તે અંગેની વ્યવસ્થા જે-તે કચેરીએ કરવાની રહેશે.

(3) એ.સી.બીલના હિસાબો મોકલવા બાબત......

તા. ૨૮/3/૨૦૨૫ સુધીમાં અગાઉના તમામ A.C.બીલના હિસાબો અચૂક રજુ કરી દેવાના રહેશે. અને ત્યાર બાદ અતિ આવશ્યક હોય અને માર્ચ-૨૦૨૫ સુધીમાં પૂરેપૂરો ખર્ચ કરી શકાય તેમ હોય, તોજ A.C.બીલથી નાણાં ઉગવવાના રહેશે. અને તેનો હિસાબ (N.P.D.C.) તા.૩૧/03/૨૦૨૫ સાંજના ૫-00 વાગ્યા સુધીમાં આ કચેરીને મોકલી આપવાનો રહેશે.

(૪) વિધ્યાર્થીઓને આઇ.સી.એ.આર. ફેલોશીપ/સ્ટાઇપેન્ડ/સ્કોલરશીપ માર્ચ-૨૦૨૫માં ચૂકવવા બાબત.....

જે વિધ્યાર્થીઓની માર્ચ-૨૦૨૫ સુધીની ફેલોશીપ/સ્ટાઇપેન્ડ/સ્કોલરશીપ મંજૂર કરી ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તેવા તમામ વિધ્યાર્થીઓને ફેલોશીપ / સ્ટાઇપેન્ડ / સ્કોલરશીપ આઇ.સી.એ.આર.ની ગાઇડ લાઇન મુજબ ૩૧ માર્ચ ૨૦૨૫ પહેલાં ચૂકવી દેવાની રહેશે.

(૫) ટી.એ.બીલ/એલ.ટી.સી. બીલ બાબત...

ચાલુ વર્ષના ટી.એ.બીલ/એલ.ટી.સી. બીલો તા.૨૫/03/૨૦૨૫ સુધીમાં અચૂક મોકલી આપવાના રહેશે.

જાહેર રજાના દિવસો પૈકી તા.૨૨/૨૩-03-૨૦૨૫ તથા તા.30/3૧-03-૨૦૨૫ દરમ્યાન હિસાબી કામકાજ માટે અત્રેની કચેરી ચાલુ રાખવામાં આવેલ છે. આ સમય દરમ્યાન બીલો સ્વીકારવામાં આવશે.

સદર પરિપત્ર હિસાબ નિયામકશ્રીની મંજુરીથી જારી કરેલ છે.

હિસાબી અધિકારી(પી.એફ./પેન્શન)

જા.નં.આકૃયુ/હિ.અ.પી.એફ/પે./ ૭૮૫૨ /૨૦૨૫

તા. ૧૦/03/૨૦૨૫.

પ્રતિ,

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઉપરોકત સમય મર્યાદામાં બીલો મોકલી આપવા ઘટતું થવા સારૂ.